# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર

## <u>પ્રેસ નોટ</u>

તા:૩૧/૦૩/૨૦૨૩

રાજય સરકાર હસ્તકની વિજ ઉત્પાદન, વિજ પ્રવહન, વિજ વિતરણ કંપનીઓ તથા અન્ય વિજ વિતરણ કંપનીઓ દ્વારા જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨નું ટ્રુ-અપ અને નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪નાં પ્રશુલ્ક નિર્ધારણ માટે પીટીશનો દાખલ કરેલ. સદર પીટીશનો જીઇઆરસી (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૧૬ અનુસંધાને નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨નાં ઓડીટેડ હિસાબો સાથે આયોગના નિર્દેશ મુજબ દાખલ કરેલ. આ પીટીશનો ઇલેકટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ અને સંલગ્ન વિનિયમો અનુસંધાને રજીસ્ટર કરી પ્રશુલ્ક આદેશ આપવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ.

આ અરજીઓ જાહેર જનતાની ભાગીદારીની ખાતરી કરવા જાહેરમાં પ્રકાશિત કરવા કંપનીઓને નિર્દેશ આપવામાં આવેલ. સામાન્ય જનતા અને હિતધારકો પાસેથી વાંધાઓ/સુચનો મંગાવવાની વિસ્તુત કાર્યવાહી કરવામાં આવેલ. આ વાંધાઓ સુચનોની ચકાસણી કરીને ૨૮ ફેબ્રુઆરી, ૧લી તથા ૨જી માર્ચ ૨૦૨૩ નાં રોજ જાહેર સુનાવણી નિયત કરવામાં આવેલ. આ સુનાવણીમાં કેટલાક હિત ધરાવનારાઓએ, વ્યક્તિગત અને સંગઠનો સહિત આ સુનાવણીમાં ભાગ લીધો હતો.

આયોગ દ્વારા આ અરજીઓ ના આદેશો તથા પ્રશુલ્ક નિર્ધારીત કરેલ છે અને આ આદેશો ના મહત્વના/અગત્ય નાં મુદ્દાઓ નીચે મુજબ છે:

- રાજય સરકાર હસ્તકની વિજ વિતરણ કંપનીઓ તેમજ ટોરેન્ટ પાવર લિમીટેડ (અમદાવાદ, ગાંધીનગર અને સુરત વિસ્તાર) કંપની ના ગ્રાહકો માટે ના વિજ દરમાં કોઇ જ ફેરફાર કરેલ નથી.
- હાલની એફ.પી.પી.પી.એ. ના દરો માટેની ગણતરી-પધ્ધતિ ચાલુ રાખવામાં આવેલ છે.
- જેટકોના પ્રવહન માટેના હાલના દર રૂ. ૪૦૪૭.૬૦ પ્રતિ મેગાવોટ પ્રતિ દિવસમાં વધારો કરી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે આ દર પ્રતિ મેગાવોટ પ્રતિ દિવસ રૂ. ૪૧૧૩.૧૬ નિર્ધારિત કરેલ છે.
- ટુંકાગાળા માટે પ્રવહન દર વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૩૭.૯૪ પૈસા પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે.

- રાજય વીજભાર રવાનગી કેન્દ્ર માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૪૦૧૯ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પીજીવીસીએલ સિવાયના અન્ય પરવાનેદારો માટે ખરેખર વિજ વિતરણ ઘટ આયોગ દ્વારા આપવામાં આવેલા લક્ષ્યાંક કરતાં ઓછો આવેલ છે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેનો મંજૂર કરાયેલ વિજ વિતરણ ઘટ ના લક્ષ્યાંક નીચેના કોષ્ટક માં બતાવવામાં આવેલ છે:

વિજ વિતરણ ઘટ

| ડિસ્કોમ | આયોગ દ્વારા મંજૂર કરાયેલ લક્ષ્ય વર્ષ ૨૦૨૨-૨૩ | આયોગ દ્વારા મંજૂર કરાયેલ લક્ષ્ય વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| ઉત્તર ગુજરાત વિજ કંપની લી | ૭.00% | ૭.00% |
| દક્ષિણ ગુજરાત વિજ કંપની લી | ૬.૫0% | ૪.૬૮% |
| મધ્ય ગુજરાત વિજ કંપની લી | ૯.00% | ૯.00% |
| પશ્ચિમ ગુજરાત વિજ કંપની | ૧૬.00% | ૧૫.૭૫% |
| ટીપીએલ–અમદાવાદ/ ગાંધીનગર | ૬.0૩% | ૫.0૩% |
| ટીપીએલ – સુરત | ૩.૫૪% | ૩.૫૯% |

રાજય સરકાર હસ્તકની વિજ વિતરણ કંપનીઓ માટે, આયોગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિજ ખરીદ ખર્ચ રૂપિયા ૫.૨૨ પ્રતિ યુનિટ અને બેઝ એફપીપીપીએ ચાર્જ રૂ. ૨.૬૪ યુનિટ દીઠ મંજૂર કરેલ છે.

આયોગ દ્વારા ટોરેન્ટ પાવર લિમિટેડ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે માન્ય વીજ ખરીદીનો ખર્ચ રૂ.૫.૫૫ પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે, ઉપરાંત, અમદાવાદ-ગાંધીનગર વિસ્તાર માટે તેમજ બેઝ એફપીપીપીએ ચાર્જ રૂ.૨.૭૧ પ્રતિ યુનિટ મંજૂર કરેલ છે. જયારે સુરત માટે બેઝ એફપીપીપીએ રૂ.૨.૧૭ પ્રતિ યુનિટ મંજૂર કરવામાં આવેલ છે.

-સહિ-

**(રૂપવંત સિંહ, આઇએએસ)**

**સચિવ**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**

**ગાંધીનગર**